# શહેરમાં વરસાદ પૂર્વેનો અસહ્ય બફારો

**વરસાદી વાદળોની અવરજવર નગરજનો આકરા બફારાથી ત્રસ્ત : મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રીની નીચે પરંતુ ઉકળાટનુ પ્રમાણ વધુ હોવાથી શહેરીજનોને બેચેની : પ્રિમોન્સુન એક્ટિવિટીના અંતે મેઘરાજા હેત વરસાવે તેની વાટ**

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરમાં મોસમનો મિજાજ જાણે પલે પલે બદલાતો હોવાનો અહેસાસ નગરજનો કરી રહ્યા છે. પ્રિ મોન્સુન એક્ટિવીટીના લીધે નગરજનોને આકરા હીટવેવમાં રાહત મળી છે. મહત્તમ તાપમાન પણ ૪૦ ડીગ્રીની નીચે છે. પરંતુ બદલાતા આકાશી નઝારા વચ્ચે વાતાવરણમાં ઉકળાટનુ પ્રમાણ વધ્યુ છે. અસહ્ય બફારાથી નગરજનો બેચેન બન્યા છે. ગરમીથી ત્રસ્ત નગરજનો હવે મેઘરાજા હેત વરસાવે તેની વાટે છે.



શહેરમાં મોસમનો મિજાજ વારંવાર બદલાય છે. છેલ્લા ત્રણ ચાર દિવસથી પ્રિમોન્સુન એકિટીવીટીના લીધે આકાશી નઝારો પણ બદલાય છે. જેના લીધે તડકી છાયડીના માહોલ વચ્ચે નગરજનો આકરા તાપથી રાહત અનુભવી રહ્યા છે. પરંતુ વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વધતા અસહ્ય બફારાથી સૌ પરેશાન છે. હજુ ચોમાસુ શરૂ થવામાં થોડા દિવસોનો સમય બાકી છે. પરંતુ હરિયાળા નગરમાં મોસમનો નઝારો રોજબરોજ બદલાય છે.

આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૮ ડીગ્રી નોંધાયુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન પણ ૨૮ ડીગ્રી રહ્યુ હતુ. મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ૧૦ ડીગ્રીનો તફાવત જોવા મળ્યો હતો. છેલ્લા કેટલાક સમયથી ગરમીનો પારો ૪૦ ડીગ્રી ની નીચે છે. જેના લીધે નગરજનોને હીટવેવમાં રાહત મળી છે. પરંતુ સવારથી જ વાતાવરણમાં અસહ્ય ઉકળાટ હોવાથી શહેરીજનો આકરા બફારાથી ત્રાહીમામ છે. બફારાના લીધે ત્રસ્ત નગરજનો હવે વરસાદની વાટે છે.

આકાશમાં અંગડાઈ લેતા વરસાદી વાદળો પલમાં ઘેરાવ નાંખે છે અને પલવારમાં જ વિખેરાઈ જાય છે. ચોમાસા પુર્વે વાતાવરણમાં સતત બદલાવ જોવા મળી રહ્યો છે. જયારે ધુપ છાંવની આ મોસમથી નગરનુ જનજીવન પ્રભાવિત છે. આકરી ગરમીના અંતે હવે વરસાદની કાગડોળે વાટ જોતા નગરજનો હાલ તો બફારાથી તોબા છે. ત્યારે પ્રિ મોન્સુન ઈફેકટથી વધતા ઉકળાટ વચ્ચે વરસાદી દિવસો ટુંકમાં જ શરૂ થવાના એંધાણ છે.

# જોખમી સરકારી આવાસો ખાલી કરાવાનુ કામ તંત્ર માટે ચેલેન્જરૂપ

**એકબાજુ બિન અધિકૃત કબજેદારોનો પણ હજુ સરકારી આવાસોમાં કબજો છે ત્યારે જુના અને કંગાળ આવાસો તોડવાના મામલે રહીશો ઝડપથી મકાન ખાલી કરતા નથી**

ગાંધીનગર તા ૧૦

શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી રહેણાંકને લાયક મકાનોની સંખ્યા બહુ ઓછી છે. ત્યારે બિનઅધિકૃત કબજેદારોને દુર કરવા માટે પણ સર્વે હાથ ધરાયો છે. બીજીતરફ જુના અને જર્જરિત મકાનો તોડીને નવા બનાવવા માટે જોખમી મકાનો તોડવાનુ કામ પણ હાથ ધરવામાં આવ્યુ છે.ત્યારે તંત્ર માટે આ આવાસો પ્રથમ તબક્કે ખાલી કરાવાનુ કામ પણ અત્યંત મુશ્કેલ બન્યુ છે.

શહેરમાં સરકારી આવાસોને તબક્કાવાર તોડવામાં આવી રહ્યા છે. જે આવાસો રહેણાંકને લાયક નથી તેનો કડુસલા કરવામાં આવે છે. બીજીતરફ કેટલાક આવાસોનુ મજબુતીકરણ પણ હાથ ધરવામાં આવી રહ્યુ છે. આ સ્થિતિ વચ્ચે હાલ તંત્ર માટે આવાસો ખાલી કરાવાનુ કામ પણ ચેલેન્જ રૂપ બન્યુ છે. રીનોવેશનના કિસ્સામાં પણ રહીશોને અન્ય જગ્યાએ મકાન ફાળવવાનુ મુશ્કેલ બન્યુ છે. બીજીતરફ સરકારી આવાસોમાં બિનઅધિકૃત કબજેદારોની સંખ્યા પણ વિશેષ છે. જો કે આ મામલે તંત્ર દ્વારા સર્વે હાથ ધરવામાં આવ્યો છે. પરંતુ એક અંદાજ મુજબ હાલમાં પણ શહેરના ૩૦૦ જેટલા મકાનો બિનઅધિકૃત કબજા હેઠળ હોવાનુ માનવામાં આવે છે. આવા સંજોગોમાં જોખમી આવાસોને તોડવા માટે તંત્ર દ્વારા મકાનો ખાલી કરાવવામાં આવી રહ્યા છે. બીજીતરફ રીનોવેશનની કામગીરી માટે પણ અન્ય ઠેકાણે આવાસ ફાળવવા પડે છે. વિભાગ પાસે હાલ રહેણાંકને લાયક સરકારી આવાસો ખુબ ઓછા છે. જયારે આ સ્થિતિ વચ્ચે બિનઅધિકૃત કબજેદારોને આવાસ ખાલી કરાવાની કામગીરી પણ થતી નથી જયારે કેટલાક ઠેકાણે આવાસો ખાલી કરવામાં પણ રહીશો વિલંબ કરી રહ્યા છે. જેને અનુલક્ષીને નવા આવાસોના નિર્માણ સહીત મજબુતીકરણની કામગીરી પણ વિલંબમાં પડે છે. શહેરના સેકટરોમા સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના કંગાળ હાલતમાં છે. ત્યારે નવા આવાસોની લોકાર્પણ વિધી પણ ઝડપથી હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## રાજ્યના નર્સિંગ કર્મચારીઓના નર્સિંગ એલાઉન્સમાં ૧૩૦ ટકાનો માતબર વધારો

**હવે રૂપિયા ૩૦૦૦ નું નર્સિંગ એલાઉન્સ ૧ લી જુલાઇ થી અપાશે : વધુ ૨૦૦૦ જેટલી સ્ટાફ નર્સોની ભરતી કરાશે**

ગાંધીનગર, તા. ૧૦

નાયબ મુખ્યમંત્રી અને આરોગ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે રાજ્યની તમામ નર્સિંગ કર્મચારીઓના નર્સિંગ એલાઉન્સમાં રૂપિયા ૧૭૦૦ નો એટલે કે ૧૩૦ ટકા જેટલો માતબર વધારો કરી રૂપિયા ૩૦૦૦ નું નર્સિંગ એલાઉન્સ આગામી તારીખ ૧ લી જુલાઈ ૨૦૨૧ થી આપવાનો આરોગ્ય વિભાગ દ્વારા નિર્ણય કરાયો છે જેનો લાભ ૧૫૦૦૦ થી વધુ નર્સિંગ કર્મચારીઓને થશે.

આજે ગાંધીનગર ખાતે યુનાઈટેડ નર્સિંગ ફોરમની માંગણીઓ સંદર્ભે નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, આરોગ્ય કમિશનર જયપ્રકાશ શિવહરે, નાણા વિભાગના સચિવ મીલીંદ તોરવણે અને ફોરમના પ્રમુખ દિપકમલભાઈ વ્યાસ, સહિતના પ્રતિનિધિઓ સાથે યોજાયેલ બેઠકમાં ફોરમનાં પ્રશ્નો સંદર્ભે વિસ્તૃત ચર્ચા-વિચારણા થઈ હતી ફોરમના પ્રતિનિધિઓએ એલાઉન્સ વધારા સહિતના અન્ય પ્રશ્નોના નિકાલ અંગે સંતોષ વ્યક્ત કર્યો છે.

નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે રાજયના નાગરિકોને ત્વરિત આરોગ્ય સવલતો મળી રહે અને આરોગ્ય વિભાગમાં વધુ માનવબળ જોડાય તે માટે ૨૦૦૦ જેટલી સ્ટાફ નર્સોની ભરતી કરવાની મંજૂરી આરોગ્ય વિભાગ દ્વારા આપી દેવાઈ છે.

# ૯૦ દિવસ બાદ જિલ્લામાં કોરોના સિંગલ ડિજીટમાં

**શહેરમાં ૫ અને ગ્રામ્યમાં ૩ કોરોનાના નવા કેસ : કુલ ૮ કેસ**

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં ૯૦ દિવસ બાદ કોરોનાના કેસો સિંગલ ડીજીટમાં નોંધાયા છે. જિલ્લામાં આજે કોરોનાના માત્ર ૮ કેસ નોંધાયા છે. જેમાં શહેરમાં પાંચ કેસ અને ગ્રામ્ય વિસ્તારમાં ૩ કેસ નોંધાયા છે.

**ગાંધીનગર તાલુકામાં એક અને કલોલમાં બે કેસ નોંધાયા : શહેરમાં પાંચ કેસ નોંધાયા : શહેરમાં ૯૨ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ**

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કલોલમાં બે અને ગાંધીનગરમાં એક કેસ નોંધાયેલ છે. આજે નોંધાયેલ કેસના તમામ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ૧ મહિલા, ૧ ખેડૂત નો આજે સંક્રમિતોની યાદીમાં સમાવેશ થાય છે.

ગાંધીનગર તાલુકાના સોનારડા ગામે આજે એક ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલ તાલુકાના બોરીસણા ગામે એક ગૃહીણીનો અને ડિંગુચા ગામે એક ખાનગી નોકરીયાતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૧૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં ૯૪૮૦ લોકો કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૫૫ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૬૬૨ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ પાંચ કેસ નોંધાયા છે. જેમાં એક દર્દી ૬૦ થી વધુ વય ધરાવે છે. આજે સંક્રમિતોની યાદીમાં બે મહિલા દર્દીનો પણ સમાવેશ થાય છે.

શહેરમાં આજે સે. ૨૧, ૨૬, ૩-એ-ન્યુ, કુડાસણ અને વાવોલમાંથી કેસ મળી આવેલ છે. શહેરમાં સંક્રમણની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો તંત્રના સૂત્રો કરી રહ્યા છે.

શહેરમાં આજે વધુ ૧૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં લાંબા સમય બાદ એક્ટીવ કેસોની સંખ્યા ૧૦૦ થી નીચે થઈ છે. શહેરમાં હાલ ૯૨ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

## મોંઘવારીના મુદ્દે આજે કોંગ્રેસ દ્વારા ધરણાનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેર અને જિલ્લા કોંગ્રેસ દ્વારા આજે મોંઘવારીને લઈ ધરણાનો કાર્યક્રમ યોજવામાં આવેલ છે.

છેલ્લા ૩ મહિનામાં કેન્દ્ર સરકાર દ્વારા પેટ્રોલ-ડિઝલના ભાવમાં અનુક્રમે રૂ. ૨૫.૭૨ પૈસા અને રૂ. ૨૩.૯૩ પૈસાનો ભાવ વધારો પ્રજા પર ઝિંકવામાં આવ્યો છે. પાંચ મહિનામાં ૪૩ વખત ભાવ-વધારો અમલી બન્યો છે. કોરોનાની કપરી સ્થિતિમાં લોકો પર જે આર્થિક ભારણ વધ્યુ છે અને મોંઘવારી વધી છે તેને વાચા આપવા માટે આજે ધરણાનો કાર્યક્રમ સત્યાગ્રહ છાવણી સે. ૬ ખાતે સવારે ૧૦ વાગે યોજવામાં આવ્યો છે.

આ ધરણાના કાર્યક્રમમાં ચૂંટાયેલા સદસ્યો, કાર્યકરો તેમજ સાથી સંગઠ્ઠનોના હોદ્દેદારો જોડાશે તેમ જિલ્લા કોંગ્રેસની એક સત્તાવાર યાદીમાં જણાવાયુ છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસે પેટ્રોલ-ડીઝલ, ગેસના ભાવોમાં સરકારની ઉઘાડી લૂંટ તેમજ ખાદ્યપદાર્થોમાં બેફામ ભાવ વધારા સામે ૧૧મી જુને રાજયવ્યાપી દેખાવો કરવાનું એલાન આપ્યું છે. ૧૧મી બાદ પણ મોંઘવારી સહિતના વિવિધ મુદ્દા પર તબક્કાવાર આંદોલન કરવાનું નક્કી કરાયું છે. કેન્દ્ર અને રાજ્યની ભાજપ સરકાર ગેસ, પેટ્રોલ - ડીઝલ પર સુનિયોજીત લૂંટ બંધ કરે અને જનતાને રાહત આપે એવા કોંગ્રેસની માંગણી છે.

# તાલુકામાં ૪૫૦ થી વધુ મહેસુલી વેરાના બાકીદારોને નોટીસો ફટકારાઈ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર તાલુકામાં મહેસુલ વેરાની વસુલાત માટે ૪૫૦ થી વધુ બાકીદારોને નોટીસો ફટકારવામાં આવી છે. આ નોટીસમાં ૭ દિવસમાં બાકી વેરો નહિ ભરવામાં આવે તો આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમ સ્પષ્ટ જણાવાયુ છે.

જિલ્લામાં મહેસુલી વેરાની નબળી વસુલાતને પગલે તાજેતરમાં તાલુકા વિકાસ અધિકારીઓને જિલ્લા વિકાસ અધિકારીએ ખુબ ખખડાવ્યા હતા.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકામાં મહેસુલી વેરામાં ૧૭ ટકા જેટલી વસુલાત ચાલુ નાણાંકીય વર્ષમાં થઈ છે. પંચાયતનું વર્ષ ઓગષ્ટમાં પૂર્ણ થતુ હોવાથી આ બે મહિના મહેસુલી વેરાની વસુલાત માટે મહત્વના ગણવામાં આવે છે.

ગાંધીનગર તાલુકા પંચાયત દ્વારા મહેસુલી વેરાની કડક વસુલાત માટે તમામ તલાટીઓને સૂચના આપવામાં આવી છે એટલુ જ નહિ આ માટે વિસ્તરણ અધિકારીઓને પણ દર સપ્તાહે વસુલાતનું અસરકારક મોનીટરીંગ કરવાની સૂચનાઓ આપી છે.

તંત્ર દ્વારા મહેસુલી કાયદાની કલમ ૧૫૨ હેઠળ આ નોટીસો બજાવવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

કોરોના મહામારીને કારણે વસુલાત નબળી જરૂર છે પણ તંત્ર દ્વારા આ વસુલાત માટે હવે લાલ આંખ કરવામાં આવી છે.

તાલુકા પંચાયત દ્વારા જે ગામોની આકારણીના ચાર વર્ષ પૂર્ણ થઈ ગયા હોય તેવા ગામોની નવી આકારણી કરી અને ઝડપથી તે અંગેની દરખાસ્તો પણ આખરી કરવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે. ગાંધીનગર તાલુકા પંચાયતમાં લાંબા સમય બાદ મહેસુલી વસુલાતને સઘન ઝુંબેશના સ્વરૂપમાં હાથ ધરવામાં આવી છે. મોટા બાકીદારો પછી અન્ય બાકીદારોને પણ નોટીસો ફટકારવામાં આવશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. મહેસુલી વેરો નહિ ભરનારાઓ સામે આકરા પગલા ભરવા માટેનું મન પણ તંત્રએ બનાવી લીધુ હોવાનું જાણવા મળેલ છે.

# ગાંધીનગર વેપારીના આપઘાતમાં નવો ખુલાસો

**મૃતકની પ્રેમિકાએ બ્લેક મેઇલ કરી ૧૮ લાખ ખંખેર્યા હોવાનો ઘટસ્ફોટ**

ગાંધીનગર,તા.૧૦

ગાંધીનગરનાં ન્યુ વાવોલમાં રહેતાં શાકભાજીના વેપારી યુવાનના આપઘાત પ્રકરણમાં સેકટર ૭ પોલીસ મથકમાં પ્રેમિકા વિરુદ્ધ દુષ્પ્રેરણાનો ગુનો દાખલ થતાં ચકચાર મચી જવા પામી છે. ત્યારે પ્રેમિકાએ વિદેશથી આવેલું એક કરોડની ઈલેક્ટ્રોનિક વસ્તુઓ તેમજ લિકવિડ કેસ ભરેલુ પાર્સલ છોડાવવા માટે યુવાનને બ્લેક મેઈલ કરીને રૂ.૧૮ લાખ જેટલી રકમ ખંખેરી લીધી હોવાનો ઘટસ્ફોટ થયો છે.

ગાંધીનગરનાં ન્યુ વાવોલ ૩૦૩ સંકલ રેસીડેન્સીમાં રહેતા અને વાવોલ મુકામે બ્લુ બેલ એક્ઝોટિકા કોમ્પલેક્ષમાં શાકભાજીનો ધંધો કરતા ૨૮ વર્ષીય વિપુલ ભોગીલાલ પટેલે ખોરજ નર્મદા કેનાલમાં આપઘાત કરીને જીવનનો અંત આણી લીધો હતો. ત્યારે અડાલજ પોલીસની પ્રાથમિક તપાસમાં રૂ.૧૮ લાખનું દેવું થઈ જવાના કારણે યુવાને આપઘાત કર્યો હોવાનું બહાર આવ્યું હતું. બીજી તરફ મૃતકનાં ભાઈ નવનીતે સેકટર ૭ પોલીસ મથકમાં સેકટર ૪ /સી પ્લોટ નંબર ૬૬૭/૧ માં ભાડાના મકાનમાં રહેતી મૃતકની પ્રેમિકા રીકુ ઉર્ફે રીના રમેશભાઈ માલાણી વિરુદ્ધ દુષ્પ્રેરણાની ફરિયાદ દાખલ કરાવી હતી.

આશરે એક વર્ષ અગાઉ વિપુલ પટેલને તેના મામાનાં ગામ રણછોડપુરાનો મિત્ર દિપક અંબાલાલ પટેલે તેના મિત્ર રમેશ ઉર્ફે રામભાઈ માલાણીની દીકરી રીકુ સાથે પરિચય કરાવ્યો હતો. બાદમાં થોડા દિવસોનો પરિચય પ્રેમમાં પરિણમ્યો હતો. ત્યારે વિપુલ દ્વારા પરિવારજનોને રીકુ સાથે લગ્ન કરવાની ઈચ્છા વ્યક્ત કરાતાં પરિવારજનોએ મૌખિક સંમતિ આપી દીધી હતી. પરંતુ બન્ને વચ્ચે કોઈ બાબતે બ્રેક અપ થઈ ગયું હતું. જેથી દિપક પટેલે બન્ને વચ્ચે

● અનુસંધાન પાન-૭ પર

## વનતંત્રના ૭૨ મજુરોને છેલ્લા ચાર મહીનાથી પગાર ચુકવાયો નથી

**ટ્રેઝરી કચેરી અને બેંક વચ્ચે મામલો અટવાયેલો અનેક રજુઆતના અંતે પણ ચેકબુક ઇસ્યુ ન થતા કોરોનાના કપરા કાળમાં મજુરોનો પગાર અટવાતા આક્રોશ**

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગર વન તંત્ર માટે મજુરોને પગાર ચુકવવાનુ મુશ્કેલ થયુ છે. છેલ્લા ચાર મહીનાથી ટ્રેઝરીમાંથી ચેક બુક ન મળતા બોરીજ રેન્જના અંદાજિત ૭૨ મજુરોને પગાર ચુકવી શકાયો નથી. મજુરોના પગાર અન્વયે ૫૬ લાખ રૂપિયા ચુકવવાના બાકી છે. જયારે બેંક અને ટ્રેઝરી કચેરી વચ્ચે મામલો અટવાયેલો હોવાના લીધે હજુ સુધી મજુરોને પૈસા મળ્યા નથી જેના લીધે મજુરો દયાજનક સ્થિતિમાં મુકાયા છે.

ગાંધીનગર સહીત આસપાસના વિસ્તારમાં હરિયાળી છવાયેલી છે. જયારે વરસાદ વાવાઝોડાની સ્થિતિ વચ્ચે વર્ષ દરમિયાન વૃક્ષોનુ ટ્રીમીંગ, સફાઇ તેમજ સુકા અને જોખમી વૃક્ષોની કટોતી સહીતની કામગીરી વનતંત્ર દ્વારા હાથ ધરવામાં આવે છે. આ કામગીરી માટે વનતંત્ર દ્વારા મજુરોને કામે લગાડવામાં આવે છે. એકબાજુ કોરોનાની મહામારીના કપરા દિવસોમાં આમ પણ મજુર વર્ગની હાલત કફોડી છે. બીજીતરફ કામ કરવા છતા સમયસર પૈસા મળતા નથી. ગાંધીનગર વનતંત્ર દ્વારા બોરીજ રેન્જમાં કામ કરતા મજુરોને પગારની રકમ ચુકવવા માટે ટ્રેઝરીને ચેકબુક માટે અરજી કરી છે. જયારે ટ્રેઝરી કચેરી આ માટે બેંકને પત્ર લખ્યો હોવાનો જવાબ આપી આગળ કોઈ ફોલોઅપ ન લેતા હજુ સુધી મજુરોને પગારની રકમ ચુકવી શકાય નથી. બોરીજ રેન્જન ૭૨ મજુરોને છેલ્લા ચાર મહીનાથી પગાર ચુકવાયો નથી. આ મજુરોન પગારની રકમ પેટે અંદાજિત રૂ ૫૬ લાખ ચુકવવાના બાકી છે. ત્યારે વનતંત્ર દ્વારા પણ અનેકવાર ટ્રેઝરી કચેરી તેમજ બેંકને પણ રજુઆત કરવામાં આવી છે. આમછતા હજુ સુધી મજુરોને પગારની રકમ ચુકવી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી નથી. વરસાદી દિવસો નજીકમાં છે જયારે ચોમાસા દરમિયાન પણ મજુરો સતત કામે લાગેલા હોય છે. કોરોનાની મહામારીના સંજોગોમાં મજુરોને

● અનુસંધાન પાન-૭ પર


बड़ौदा ग्लोबल शेयर्ड सर्विसेज
Baroda Global Shared Services
(Wholly Owned Subsidiary of Bank of Baroda)

CIN-U74999MH2017GOI292430
Regd. Office - 5th Floor, Baroda Sun Tower, C-34, G Block, Bandra Kurla Complex, Bandra (E), Mumbai 400 051

RECRUITMENT

Applications are invited from eligible candidates for the following position with Baroda Global Shared Services Ltd at GIFT City, Gandhinagar, Gujarat location:

- Advisor / Consultant with through-out experience in Banking/ Financial Sector (12+ years)
- To assist in migration of new processes, redesigning processes and roll out new technology platforms. End to end project management, documentations, analysis and other activities as and when required or as instructed by the Head - Projects & Technology.

For further details on the above, please visit the Careers section on **www.bgss.in.** Addendum / Modifications, if any, shall be notified only on **www.bgss.in**. Applicants should refer to the same before submission of their application by e-mailing their resume on **recruitment@bgss.in.**

**Last date for applications - 30th June 2021.**

Place: Gandhinagar
Date - 11/06/2021

Sd/-
Head-Human Resources
Baroda Global Shared Services Ltd

BGSS/HR 2020-21/07


## જાહેર નિવિદા

માહિતી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર માટે લેસર પ્રિન્ટરના ટોર્નર કાર્ટિઝ રીફીલીંગ તથા વપરાશી આઈટમો (ફ્યુઝર એસેમ્બલી સાથે) માટે ભાવો સીલબંધ કવરમાં મંગાવવામાં આવે છે. ટેન્ડરની નકલ જાહેર રજાના દિવસો સિવાય નાયબ નિયામકશ્રી (હિસાબ) શાખા માહિતી નિયામકશ્રીની કચેરી, બ્લોક નં. ૧૯, પ્રથમ માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરને રૂબરૂ રૂ. ૧૫૦૦/- ચુકવવાથી સવારે ૧૧-૦૦ થી ૨-૦૦ કલાક દરમિયાન મળી શકશે. ટેન્ડર પરત કરવાની છેલ્લી તારીખ ૨/૭/૨૦૨૧ સમય ૨-૦૦ વાગ્યા સુધીનો છે.

**માહિતી નિયામક**
**ગાંધીનગર**

**માહિતી/૩૭૩/૨૧-૨૨**


बड़ौदा ग्लोबल शेयर्ड सर्विसेज
Baroda Global Shared Services
(Wholly Owned Subsidiary of Bank of Baroda)

Regd. Office : 5th Floor, Baroda Sun Tower, C-34, G Block, Bandra Kurla Complex, Bandra (E), Mumbai 400 051

RECRUITMENT

Applications are invited from eligible candidates for the following positions with Baroda Global Shared Services Ltd. At Gift City, Gandhinagar, Gujarat location:

| Department | Designation | Location | Experience |
|---|---|---|---|
| Digital Banking Alternate Channel Operations | Unit Head / Vice President | Gandhinagar | 18 + Years |
| Retail Liabilities | Unit Head / Vice President | Gandhinagar | 18 + Years |
| Government Business Operations | Unit Head / Vice President | Gandhinagar | 18 + Years |
| Retail Asset - Direct Sales Team | Senior Vice President / Vice President | Gandhinagar | 20 + Years |
| Retail Asset - Direct Sales Team | Regional Head / Zonal Heads / City Heads / Team Leads | PAN India | 7 - 15 Years |
| Human Resource | Deputy Manager / Assistant Manager - Operations | Gandhinagar | 4 - 6 years |
| Human Resource | Deputy Manager / Assistant Manager - Recruitment | Gandhinagar | 4 - 6 years |
| Project Migration & Process Re-engineering | Deputy Manager / Assistant Manager | Gandhinagar | 4 - 6 years |
| Information & Technology | Software Developer | Gandhinagar | 4 - 6 years |

For further details on the above please visit the Careers section on www.bgss.in Addendum/ Modifications, if any, shall be notified only on **www.bgss.in**. Applicants should refer to the same before submission of their application by e-mailing their resume on **recruitment@bgss.in.**

**Last date for above positions is 30th June 2021.**

Place : GIFT City, Gandhinagar
Date : 11th June, 2021

Sd/-
Head-Human Resources
Baroda Global Shared Services Ltd

BGSS/HR/2020-21/06



www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT | KisaN | ashirvad | Jaquar experience bathing | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com